જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૧૬૨ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૦૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૪૯/૧૬

**શાહીબાગઃ** બળદેવભાઇ મંગળદાસ વાઘેલા (ઉ.વ.૫૬) (રહે. એફ/૨૪, ગવર્મેન્ટ બી કોલોની સિવિલ હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ તા.૬/૧૧/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી નીલમના લગ્ન થયા તા.૧૪/૨/૧૬ થી તેનો પતિ જીતેન્દ્ર મહેન્દ્રભાઇ ચૌહાણ (રહે. સી/૧૪, બી કોલોની, શાહીબાગ) અને સાસરીયાના સભ્યો નીલમને શારીરીક અને માનસીક ત્રાસ આપતા હતા. તા.૧/૧૧/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નીલમના પતિ જીતેન્દ્રએ રહેણાંકના ધાબા ઉપરથી નીલમને ધક્કો મારતા નીલમ ભોયતળીયે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં કરવામાં આવી હતી. જ્યાં તા.૪/૧૧/૧૬ કલાક ૬/૦૦ વાગે નીલમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી વી.એન.યાદવ ચલાવે છે.

## બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૫૦/૧૬

**મહિલા પોલીસ સ્ટેશનઃ** વટવા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષની પરણીતા એ મહીલા પોલીસ સ્ટેશનમાં અરજી આપતા મહીલા પોલીસ સ્ટેશન ખાતે તા.૬/૧૧/૧૬ નારોજ ફરીયાદ નોધી છે કે પરણીતાના પતિએ તથા સાસરીયાના સભ્યોએ છેતરપીંડી કરી લગ્ન કરાવ્યા હતા અને પરણીતાની મરજી વિરૂધ્ધ તેના પતીએ પરણીતા સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.પઠાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૧/૧૬**

**બાપુનગરઃ** કિરણબહેન અમૃતભાઇ (ઉ.વ.૧૭) (રહે. સોનેરીયા બ્લોક બાપુનગર) ને તા.૬/૧૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી નરસિંહભાઈ (જેના પુરા નામની ખબર નથી) લલચાવી ફોસલાવી ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કિરણબહેનની માતા વાલીબહેને બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી સી જાડેજા ચલાવે છે.

**દાણીલીમડાઃ** રહેમાન તફરઅલી શેખ (રહે.ગુલાબનગર સુએજ ફાર્મ સના મસ્જીદ પીરાણા રોડ દાણીલીમડા. મુળ વતન પશ્ચિમ બંગાળ) એ તા.૬/૧૧/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૧૬ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી પીન્કીખાતુન (ઉ.વ.૧૪) ને આરોપી મહેબુદ સલીમભાઇ શેખ (રહે. ગામ બાદુરગઢ દિમતી તા.કોદલકહા જી.ઉતીર દિનાજપુરખાન ઇસ્માલપુર પશ્ચિમ બંગાળ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૨/૧૬**

**રામોલઃ** દિનેશ ભગવાનરાવ પાટીલ (રહે.રઘુલીલા એપાર્ટમેન્ટ તનમન ભાજીપાઉ તક્ષશીલા રોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૧/૧૬ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**ઈસનપુરઃ** ચંપાલાલ લક્ષ્મણભાઇ પ્રજાપતિ (રહે.શિવમ સોસાયટી કેનાલ રોડ ઇસનપુર) એ તા.૬/૧૧/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૬ રાતના ૮/૦૦ થી તા.૫/૧૧/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮૧,૬૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૧,૬૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**સોનાની મગમાળા ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૩/૧૬**

**શાહીબાગઃ** આશાબહેન વા\ઓ દીનેશભાઇ પંચાલ (ઉ.વ.૫૧) (રહે.કિષ્ણા પાર્ક સોસાયટી મણીલાલ સ્કુલની સામે સરદારચોક કૃષ્ણનગર) તા.૬/૧૧/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ મહાપ્રજ્ઞજી બ્રીજ ચડતા બી.એસ.એબ.એલ.ટાવરની સામેથી પોતાની દીકરી સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આશાબહેન ગળામાંથી સોનાની મગમાળા કિમત રૂપિયા ૪૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આશાબહેન પંચાલે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એલ રાજપુત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૪/૧૬**

**જી ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** બામદેવ રમાકાંત બલ (ઉ.વ.૪૫) (રહે.સુમંગલ સોસાયટી લક્ષ્મીનગર પાછળ નરોડા) એ જી ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૧/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે દેવેન્દ્ર ચીંતામણી બલ લક્ષ્મીનગરના નાકેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચાલાવી દેવેન્દ્ર બલને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા દેવેન્દ્ર બલનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

**ટ્રેનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૫/૧૬**

**સરદારનગરઃ** તારાચંદ ચિમનલાલ શર્મા (ઉ.વ.૫૬) (રહે. આશારામ સોસાયટી ઠક્કરબાપાનગર) તા.૫/૧૧/૧૬ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે કુબેરનગર રેલવેના પાટા ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ટ્રેનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા સ્થળ પર તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલકુમાર બાલકૃષ્ણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૬/૧૬**

**ઘાટલોડીયાઃ** ઇન્દ્રવદન વાસુદેવ પટેલ (ઉ.વ.૭૮) (રહે. કડવા પાટીદાર સોસાયટી સ્વામીનારાયણ મંદીર સામે કે કે નગર ઘાટલોડીયા) એ બિમારીથી કંટાળી તા.૬/૧૧/૧૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ફિનાઇલ જેવુ પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે વાડજ લક્ષ્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બપોરના ૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સવજીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ભરતભાઈ મોટારામ મારવાડી (ઉ.વ.૨૪) (રહે. વેલજીભાઈનો કુવો મોટેરા) એ અગમ્ય કારણસર તા.૬/૧૧/૧૬ બપોરના ૧/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના પાઈપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાહુલભાઈ જેઠાભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** કિશનભાઇ ડાહ્યાભાઇ લુકરા (મારવાડી) (ઉ.વ.૧૯) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ શર્મા સ્ટુડીયો પાછળ માયા દાબેલી સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૬/૧૧/૧૬ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)